શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ
સંચાલિત

# પંચોલી નવયુગ

RNI NO. 6304 / 62



જુન-૨૦૧૮ અંક - ૬ વર્ષ ૫૫ સળંગઅંક ૪૫૩
માસિક કિંમત-૧૦ વાર્ષિક લવાજમ-૧૦૦/-રૂા.

તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી
સહતંત્રી : મલયકુમાર દિનેશકુમાર મિસ્ત્રી

Email : infospssmm@gmail.com
Web site : www. pancholisamaj.org

## નવયુગ શુભેચ્છક

### છઠ્ઠી પૂણ્યતીથીએ હાર્દિક શ્રંધ્ધાંજલિ



**સ્વ. જેકોરબેન વિઠ્ઠલદાસ પંચોલી**

જન્મ : ૨૪:૧૧:૧૯૨૦ સ્વર્ગવાસ : ૦૭:૦૬:૨૦૧૨

પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શકિત,
પરિશ્રમ જેનું કર્તવ્ય, પરમાર્થ જેની ભકિત તથા
દિર્ઘદ્દષ્ટિ વાળું આયોજન અને સમજણ પૂર્વકની કરકસર હતી.
એવા અમારા પૂ. જેકોરબા ચંદન જેવું જીવન જીવીને શીતળતા
અમો સૌને આપી ગયા, ખુદ ઘસાયને સૌને કાજે સૌરભ બની
પ્રસરી ગયા, આપનો પરોપકારી વ્યવહાર કુશળ કુટુંબ ભાવનાના
અમો સૌને દર્શન કરાવી સુખ સાગરમાં વહેતા મુકી ગયા....
પરોપકાર આપનું રટણ હતું અને પરિશ્રમ આપનું કર્તવ્ય હતું
આવો સંસ્કારિક વારસો અમો સૌને આપી આપ દત્તશરણ થયા..
આપના દિવ્ય આત્માને શાશ્વત શાંતિ મળે એજ
પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના સહ કોટી કોટી વંદન

**અર્પણકર્તા**

| | |
|---|---|
| પનસભાઈ વિ. પંચોલી | સ્વ. રમીલાબેન પી. પંચોલી |
| ઠાકોરભાઈ વિ. પંચોલી | જયોતિષબેન ટી. પંચોલી |
| ચેતનભાઈ વિ. પંચોલી | જયોતિબેન સી. પંચોલી |
| ભુપેન્દ્રભાઈ વિ. પંચોલી | જયશ્રીબેન બી. પંચોલી |
| પ્રવિણભાઈ વિ. પંચોલી | મમતાબેન પી. પંચોલી |
| પુષ્પકાંત વિ. પંચોલી | ભાવનાબેન પી. પંચોલી |
| સ્વ. પરસોત્તમદાસ જે. પંચોલી | સ્વ. સુશીલાબેન પી. પંચોલી |
| રાજેશભાઈ ગોરધનભાઈ પંચોલી | હંસાબેન રાજેશભાઈ પંચોલી |
| પ્રવિણચંદ્ર છોટુભાઈ દેસાઈ | ભદ્રાબેન પ્રવિણચંદ્ર દેસાઈ |

તથા સમસ્ત પરિવાર 2012-2032

## નવયુગ શુભેચ્છક

### છઠ્ઠી પૂણ્યતીથીએ હાર્દિક શ્રંધ્ધાંજલિ



**સ્વ. શ્રી મણીલાલ ભુલાભાઈ પંચોલી**

જન્મ : ૧:૧:૧૯૨૭ ઉ.વ. : ૮૫ સ્વર્ગવાસ : ૦૯:૦૬:૨૦૧૨

' પડખે ઉભા રહી ટેકો દીધો સદા,
આજે સાદ તમારો સંભળાય નહીં.
સહવાસની સુવાસને કદીય વિસરાય નહીં,
કંડારી ગઈ એક નવી કેડી ખેલદીલી તમારી.
જીંદગી જીવવાની, સદા નત મસ્તકે નમન કરીએ,
આપની જીવન જીવવાની રાહને.
અમ અંતરે, હૈયે રહેશો આપ સદા.....' એજ અમારી
પ્રાર્થના

**અર્પણકર્તા**

કિરણ મણીલાલ પંચોલી અ.સૌ. પ્રીતિ કિરણ પંચોલી
કૌશલરાજ કિરણ પંચોલી અ.સૌ. રીમા કૌશલરાજ પંચોલી
ચિ. ધ્યાના કૌશલરાજ પંચોલી
અ.સૌ. હેતલ અક્ષર ગાંધી શ્રી અક્ષર જયેશભાઈ ગાંધી

૨૦૨, રજે માળે, વિંગ-એ, ગણેશકૃપા બિલ્ડીંગ,
બ્રહ્માકુમારી સેન્ટર સામે, પ્લોટ ૬-ડી,
દત્તાત્રેય રોડ, સાંતાક્રુઝ(પશ્ચિમ), મુંબઈ - ૪૦૦૦૫૪ AS.
ફોન : (૦૨૨) ૨૬૬૧ ૪૦૩૨
મોબાઈલ : ૦૯૩૨૨૨ ૬૩૫૨૮

2012-2032

## Happy 60th Birthday to Jagdish M Pancholi -12th April 2018 & Happy 90th Birthday to Shantaben M Pancholi-17th April 2018




### Best Wishes From:

Mr Mohanbhai Bhagvandas Pancholi
Mr Jagdishbhai Mohanbhai Pancholi
Mr Gautambhai Mohanbhai Pancholi
Mr Cheitankumar Natvarbhai Pancholi
Mr Ajaykumar Bhagubhai Pancholi
Mr Rishi Jagdishbhai Pancholi
Late Ms Kusumben M Pancholi
Mr Rupesh Gautambhai Pancholi
Miss Sejal Cheitankumar Pancholi
Mrs Priya Hersel Parmar

Mrs Shantaben Mohanbhai Pancholi
Mrs Hinaben Jagdishbhai Pancholi
Mrs Jayshreeben Gautambhai Pancholi
Mrs Pushpaben Cheitankumar Pancholi
Mrs Parimalaben Ajaykumar Pancholi
Mrs Aditi Rishi Pancholi
Mr Jaydeep Jagdishbhai Pancholi
Miss Rajvi Gautambhai Pancholi
Mr Vikesh Cheitankumar Pancholi
Hersel Shashibhai Parmar

Miss Anika Ajaykumar Pancholi

94 Little Bromwich Road, Birmingham, B9 5JB, U.K.

# તેજસ્વી તારલાઓ જોગ

માર્ચ/એપ્રિલ/મે-૨૦૧૭ દરમ્યાન લેવાયેલ S.S.C., H.S.C., I.T.I., P.T.C., A.T.D.,ગ્રેજયુએશન, ડિપ્લોમાં વિગેરે અંતિમવર્ષની પરીક્ષાઓના પરીણામો આવવાની શરૂઆત થઇ ગઇ છે. સફળ થયેલ સૌ વિદ્યાર્થી -વિદ્યાર્થીનીઓને હાર્દિક શુભેચ્છાઓ સહ અભિનંદન....

❖ S.S.C. માં **૬૦** % કે તેથી વધુ ગુણ....

❖ H.S.C. માં **૭૦** % કે તેથી વધુ ગુણ મેળવનાર....

❖ I.T.I., P.T.C., A.T.D., તથા ડીપ્લોમા વિગેરે અંતિમ વર્ષની પરીક્ષામાં અને ગ્રેજયુએશન, પૌષ્ટ ગ્રેજયુશનમાં કોઇપણ વર્ગમાં પાસ થયેલ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓના ફોટોગ્રાફસ નવયુગમાં વિનામુલ્યે છાપવામાં આવે છે. તો ઉપરની શરત મર્યાદામાં આવતા સૌ સફળ વિદ્યાર્થી -વિદ્યાર્થીનીઓએ પોતાના પ્રમાણિત માર્કસીટની ઝેરોક્ષ ની પાછળ તથા પાસપોર્ટ સાઇઝના ફોટોગ્રાફસની પાછળ પોતાનું પુરેપુરં સરનામું, મોબાઇલ નંબર, ધોરણ અને ટકા ની સંપૂર્ણ વિગતો લખીને તંત્રીશ્રીને મોકલવી ફરજીયાત છે. અપુરતી માહિતીવાળી તથા સમય મર્યાદા પછી આવેલ વિગતો ધ્યાનમાં લેવામાં આવશે નહી. જો આપ ફોટો મોકલવામાં મોડા પડ્યા હોય અથવા સમય મર્યાદા ચુકી ગયા હોય અને આપની ઇચ્છા હોય કે મારો ફોટો નવયુગમાં છપાવવો છે તો ફકત રૂા. ૧૫૦માં આપનો ફોટો પ્રકાશિત કરવામાં આવશે

❖ કે.જી, નર્સરી કે ધો.૧ થી ધો.૯ સુધીના તથા F.Y., S.Y., P.T.C., M.A.,પ્રથમવર્ષ, તથા અન્ય અભ્યાસક્રમમાં સફળ થયેલ ઉમેદવારનો ફોટો વિના મૂલ્યે છાપવામાં આવતો નથી. રૂા. ૧૫૦ ચાર્જ આપવાથી ફોટો તથા મેટર જાહેરાત સ્વરૂપે છાપવામાં આવશે.

❖ ફોટામાં સ્ટેપલર કે ટાંકણી મારશો નહી. કોલેજ કક્ષાની માર્કસીટની ઝેરોક્ષ તથા ફોટોગ્રાફસ જેમ જેમ રીઝલ્ટ આવે એ રીતે મોકલી આપવાની રહેશે. આપના ફોટોગ્રાફસ ઓગષ્ટમાસના નવયુગમાં પ્રકાશિત કરવામાં આવશે. જેની નોંધ લેશો.......

❖ **કોલેજ કક્ષાના તેજસ્વી તારલાઓના ફોટા પણ ઓગસ્ટ માસમાં પ્રકાશિત કરવામાં આવશે. જેની નોંધ લેવા વિનંતી માર્કસીટ અને ફોટાઓ જેમ જેમ રીઝલ્ટ આવે એમ મોકલી આપવા વિનંતી તા. ૧૫.૦૭.૨૦૧૮ સુધીમાં આપની માર્કસીટ મોકલવી ત્યારબાદ આવેલ માર્કસીટ સ્વીકારવામાં આવશે નહી....વોટસઅપ કે ઈમેલ દ્વારા માર્કસીટ મોકલવી નહી...વોટસઅપ કે ઈમેલ પર આવેલ માર્કસીટ ધ્યાનમાં લેવામાં આવશે નહી...જેની નોંધ લેવી.**

## વોટસઅપ કે ઈમેલ દ્વારા માર્કસીટ મોકલવી નહી... વોટસઅપ કે ઈમેલ પર આવેલ માર્કસીટ ધ્યાનમાં લેવામાં આવશે નહી...જેની નોંધ લેવી

**S.S.C. અને H.S.C. ની માર્કસીટ પાછળ પર્સન્ટાઈલના ટકા કરી લખી મોકલવા વિનંતી... એડ્રેસ અવશ્ય લખવું.....**

માર્કસીટની ઝેરોક્ષ અને ફોટો મોકલવાનું સ્થળ
**દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી**
૨/૩, અજીત એસ્ટેટ, જુની દેનાબેંકની પાછળ,
ઓ. બેંક. રોડ, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨

**ઓગસ્ટ માસ પછી HSC અને SSC ના ફોટા પ્રકાશિત કરવામાં આવશે નહી..**
**જેમની ઈચ્છા હોય એ રૂા. ૧૫૦/- કે દિવાળી અંકમાં જાહેરાત આપી પ્રકાશિત કરી શકશે.**

તમસો માં જ્યોતિર્ગમય
રજી. નં.: A/1822 ભરૂચ
RNI NO. 6304 / 62

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

# પંચોલી નવયુગ
## જુન-૨૦૧૮

**-: પ્રકાશન સ્થળ :-**

ડી-૩૦૨, શુભમ રેસીડન્સી, મેઘા ઓટોમોબાઇલ્સ સામે, તાલુકા સેવા સદન પાસે, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨

| | |
|---|---|
| પ્રકાશન સામયિકતા | : માસિક |
| પ્રકાશક તંત્રી નામ | : શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી |
| મુદ્રકનું નામ | :શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી |
| મુદ્રકનું સરનામું | : અક્ષર પ્રિન્ટર્સ, ૨-૩, અજીત એસ્ટેટ, સ્કવેર પોઇન્ટ પાછળ, ડો. બેક રોડ, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨ |
| માલિકી ધરાવનાર | : શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ બી-૨૫, બીજનગર, અંકલેશ્વર |

હુ દિનેશભાઇ એમ. મિસ્ત્રી આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલ માહિતી મારી જાણ મુજબ સાચી છે.

દિનેશભાઇ એમ. મિસ્ત્રી

## પંચોલી નવયુગ જાહેરાતના દર

| | |
|---|---|
| મલ્ટીકલર પેજ (ગ્લેઝ પેપર) | રૂા. ૭,૦૦૦/- |
| નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. ૨,૫૦૦/- |
| દિપોત્સવી નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. ૩,૦૦૦/- |
| કલર પેજ (ફક્ત દિપોત્સવી અંક) | રૂા. ૨,૦૦૦/- |
| સાદુ પેજ (એક ફોટો ફ્રી) | રૂા. ૧,૫૦૦/- |
| અડધુ પેજ | રૂા. ૭૫૦/- |
| અડધુ પેજ (એક ફોટો) | રૂા. ૮૦૦/- |
| પા પેજ | રૂા. ૪૦૦/- |

(પા, અડધા અને આખા પેજમાં એક થી વધુ ફોટાના ફોટા દીઠ રૂા. ૫૦ વધારાના આપવાના રહેશે.)

**નવયુગ શુભેચ્છક :** રૂા.૧૫,૫૫૫/-

(પ્રથમ વર્ષે આખા પેજ પર અને ત્યારબાદ ૨૦ વર્ષ સુધી દર વર્ષે દાતાઓના ફોટા તથા મેટર અડધા પેજ પર છાપવામાં આવશે.)

**નવયુગ શુભચિંતક :** રૂા. ૨,૫૨૫/-

(દર માસે ક્રમ મુજબ પાનાની નીચે નામ આવશે અથવા દિપોત્સવી અંકમાં એક વખત ફોટો છપાશે.(ફોટો છપાશે તો નામ આવશે નહીં.)

## પંચોલી નવયુગ લવાજમના દર

| | |
|---|---|
| **માસિક** | **રૂા. ૧૦/-** |
| **વાર્ષિક લવાજમ** | **રૂા. ૧૦૦/-** |

# તંત્રી નોંધ......



વ્હાલા જ્ઞાતિજનો, વડિલો, મહિલાઓ અને યુવા મિત્રો.

મે મહિનાની કાળઝાળ ગરમી માઝા મુકી રહી છે અને સૂર્યદેવ પણ જાણે આપણા પર કોપાયમાન હોય તેમ મન મૂકીને ગરમી વરસાવી રહ્યા છે. એમનો પારો ૪૦ થી ૪૬ સે. સુધી જઇ રહ્યો છે... હવે આપણે શું કરવું ? સૂર્યદેવના રૌદ્ર સ્વરૂપથી કેમ બચવું ? એ આપણાં હાથની વાત છે.... અને એ અવસર પણ ટુંક સમયમાં આવી રહ્યો છે.. આકાશમાં હવે વરસાદના આગમનના એંધાણો વર્તાય રહ્યા છે.. તો આપણે વધુને વધુ વૃક્ષારોપણ કરીએ... અને એક વૃક્ષને જતન કરીને ઉછેરીએ.. આપણને સંપૂર્ણ રાહત તો ન મળશે પણ કંઇક અંશે રાહત તો જરૂરથી મળશે જ....

એક કવિએ કહ્યું છે કે 'જેમણે એક પણ વૃક્ષ ન ઉછેર્યું હોય તે ખરેખર નિઃસંતાન છે..'

એચ.એસ.સી. અને એસ.એસ.સી. ના પરિણામો આવી ગયા છે... ઉર્તિણ થનાર સૌને અભિનંદન.. ફેલ થનારને વિનંતી આપણે વર્ષ હાર્યા છે.. જિંદગી નહિં... પ્રયત્ન કરશો તો સફળતા જરૂર મળશે જ... નિરાશાને ત્યાગીને આગળ વધજો...


જીવનસાથી પસંદગી વિશેષાંક જુલાઇ માસમાં પ્રકાશિત થશે... એપ્રિલ અને મે મહિનામાં બે વાર ફોર્મ છાપવા છતાં ધાર્યા પ્રમાણે ફોર્મ ન આવ્યા.. આપના સંતાન માટે પંચોલી નવયુગ આટલી ચીંતા કરે છે... ત્યારે જ્ઞાતિજન કુંભકરણની જેમ ઉંઘી રહ્યા છે... ????? પંચોલી નવયુગ તમારા માટે ચાર ડગલા ચાલે છે તો તમે ફક્ત બે ડગ તો માંડો... નવયુગ મળે તુરત ફોર્મ ભરીને આંગડીયુ કે કુરીયર કરી દેજો... મોડામાં મોડું ૨૦ જુન સુધીમાં મળે તે પ્રમાણે પ્રયત્નો કરશો... જો જો ચુકી ન જતા...

દિનેશભાઇ એમ. મિસ્ત્રી-તંત્રી

મલય દિનેશભાઇ મિસ્ત્રી-સહતંત્રી
પંચોલી નવયુગ

# પ્રમુખ નોંધ......

હેમંતભાઇ સી. મિસ્ત્રી-પ્રમુખ
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ



વ્હાલા જ્ઞાતિજનો, વડિલો, મહિલાઓ અને યુવા મિત્રો.

કુશળ હશો વેકેશન એન્જોય કરી રહ્યા હશો અને કંઇક ક્રિએટીવ કાર્ય પણ કર્યા હશે. ઘણા મિત્રોએ બહારગામ, હિલસ્ટેશન કે IPL ની મઝા માણી હશે. અને આ અંક મળશે તયાં સુધીમાં સૌ રૂટીન કાર્યમાં ચાલુ થઇ ગયા હશે..

આ દરમ્યાન તા. ૨૯.૦૪.૨૦૧૮ના રોજ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ અને સ્વ. સી.ટી.સ્મારક નિધિએ સંયુકત રીતે કેરીયર ગાઇડન્સ પોગ્રામનું આયોજન કર્યુ, જેમાં સ્વયં-સુરતે પણ સહકાર આપ્યો. પોગ્રામની ખાસ વાત એ રહી કે સમગ્ર પોગ્રામ ડો. રેખાબેન એન. મિસ્ત્રી તથા એલ.સી.સોશ્યલ ગ્રુપ દ્વારા સ્પોન્સર કરવામાં આવ્યો, શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ અને સ્વ. સી.ટી.મિસ્ત્રી સ્મારકનિધિ ના ભાગે કાર્યક્રમ આયોજન માત્ર આવ્યું, બન્ને દાતાઓનો આભાર... આ કાર્યક્રમમાં સુરત, નવસારી, વ્યારા અને અંકલેશ્વરની હાજરી, જોવા મળી આનંદની ક્ષણો. કાર્યક્રમ બાદ તારીખ ૦૭.૦૫.૨૦૧૮ના રોજ વિદ્યાર્થીઓ માટે એપ્ટીટયુડ ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું તેમાં પણ ૮૦% ફિ ડોનેશન રૂપે ઉપરના બે દાતાઓએ આપવાની જાહેરાત કરી, સૌને પે સુહાગા...

સમાજ સુરક્ષા યોજનાનું અલગ પાનકાર્ડ પણ આવી ગયું છે. અપેક્ષા છે કે આગામી હિસાબી વર્ષ સુધીમાં આપણે તમામ વિધિઓ પૂર્ણ કરી સમાજ સુરક્ષા યોજનાનું અલગ એકાઉન્ટ/હિસાબ રજુ કરી શકીશું. સમાજ સુરક્ષા યોજનાના સભ્ય એવા વડોદરાના સ્વ. જીતેન્દ્રભાઇ પંચોલીના સ્મરણાર્થે કુટુંબીજનો તરફથી વિધવા સહાય માટે મહામંડળને રૂા. ૫,૦૦૦/-નું દાન મળ્યું છે. વિધવા સહાય ખાતે વધુ દાન મળે એ ઇચ્છનીય છે. કારણ કે આપણને આ ફંડમાં તકલીફ પડે છે. દાતાઓ આગળ આવવા વિનંતી છે.

પંચોલી નવયુગ, તબીબી સેવા સંકુલ, સ્વ. સી.ટી.સ્મારકનિધિ પણ પોત પોતાના કાર્યો સરસ રીતે કરી રહ્યા છે. આપના સજેશનો/સુઝાવો વધુ સારુ કાર્ય કરવાની પ્રેરણા આપી શકે તો માત્ર સજેશનો નહીં પરંતુ સજેશન વીથ સોલ્યુશન આવકાર્ય છે..

એક સરસ વાકય સાથે વિરમીશું.....

પૂર્ણવિરામથી દર વખતે માત્ર અંત નથી હોતો....


ઘણીવાર નવા વાકય(કાર્ય)ની શરૂઆત પણ હોય છે...

## શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ એકાઉન્ટ નંબર

આપનું દાન 'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ'ના
નામે સુરત શાખાની બેંક ઓફ બરોડાનાં
સેવિંગ્સ ખાતા નં. 02690100010065
IFC Code BARBO CITYLT
માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...
પ્રમુખશ્રી -હેમંતભાઇ સી. મિસ્ત્રી-સુરત

## પંચોલી નવયુગ એકાઉન્ટ નંબર

આપનું દાન કે જાહેરાતના પૈસા **'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ A/C પંચોલી નવયુગ** ના નામે દેનાબેંક
અંકલેશ્વર-ગોયાબજારની શાખામાં ખાતા નંબર
SB 014710003655
IFSC code : BKDN0210147
માં જમા કરાવો અને
**કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...**
તંત્રી-દિનેશભાઇ એમ. મિસ્ત્રી-અંકલેશ્વર



# શ્રદ્ધાંજલી

સારા કર્મોની સુવાસ સદાય રહશે
લાગણીસભર સ્વભાવ હંમેશા યાદ રહેશે.
દેહથી ભલે અદ્રશ્ય થઈ ગયા
પરંતુ આપની યાદ હંમેશા રહેશે..
પ્રભુ આપના દિવ્ય આત્માને શાશ્વત શાંતિ અર્પે
એજ પ્રાર્થના

**ચક્ષુદાતા ઈશ્વરલાલ જગજીવનદાસ પંચોલી**
**જ.તા. ૧૪.૧૨.૧૯૩૨ સ્વ.તા. ૨.૫.૨૦૧૮**

**અર્પણકર્તા**

ગં.સ્વ. જયાબેન ઈશ્વરલાલ પંચોલી
કુંતલ ઈશ્વરલાલ પંચોલી મનિષા ઈશ્વરલાલ પંચોલી
ક્રિશ કુંતલભાઈ પંચોલી
દક્ષાબેન ભરતભાઈ મિસ્ત્રી
પ્રિતી ભાવેશભાઈ મિસ્ત્રી
પ્રિતી જયેન્દ્રભાઈ પંચોલી

૧૩-બી, પંચાલનગર સો., સયાજીપાર્ક,
આજવારોડ, વડોદરા

---

## Pancholi Shaadi



Parikshit Pancholi
Dip. Electrical, BE Electrical

Name : **Parikshit**
Date of Birth : 16.09.1993
Time : 11.20 pm. Rajpipala
Height : 5' 65" Weight : 65kg.
Education : Dip. Electrical(MSU Baroda)
BE Electrical (RGTU Bhopal)
Occupation : Vimal Fire Control Pvt. Ltd.
GIDC, Makkarpura Vadodara
Father : Bhagubhai Chhitalal Pancholi
Mother : Hemaxiben
Permanent Add. : Vaniya Sheri, At.Po. Chalamali
Ta. Bodeli, Chhotaudepur-391141
Present Add. : B-11, Vrajraj Soc. Nr. Hariyali
Hotel, Parivar Char Rasta, Vadodara - 390 025
Contact : 97129 56441 / 99989 50696
Email : pari.pancholi007@gmail.com

# છોટુ....

પલ્લવી જે. મિસ્ત્રી
અમદાવાદ



'ગુડ મોર્નિંગ, મેમ.' 'લીટલ બટરફ્લાય' સ્કુલના બીજા ધોરણના વર્ગમાં, ડ્રોઇંગ ટીચર માલતીબેન દાખલ થયા એટલે વિધાર્થીઓએ બેંચ પરથી ઉભા થઇને એમનું અભિવાદન કર્યું. 'ગુડ મોર્નિંગ મારા વહાલા નાનકડા મિત્રો' માલતીબેને હસીને એમનું અભિવાદન ઝીલતા કહ્યું, અને એમના, 'સીટ ડાઉન' - 'બેસી જાઓ' ના બોલ સાંભળતા જ બાળકો પાછા પોતપોતાની જગ્યાએ બેસી ગયા.

'મેં ગઇકાલે આપેલું હોમવર્ક તો તમે બધા કરીને લાવ્યા જ હશો, ખરું ને ? યસ ઓર નો ?' માલતીબેને પૂછ્યું. 'યસ....યસ' ના નારાથી ક્લાસ ગુંજી ઉઠ્યો. 'જે હોમવર્ક નથી કરી લાવ્યું, તે પોતાનો હાથ ઉંચો કરે.' માલતીબેને ચશ્મા સરખા કરતા એક નજર ક્લાસમાં બેઠેલા બાળકો તરફ કરી. એક પણ હાથ ઉંચો નહીં થયો એ જોઇને માલતીબેને હસીને કહ્યું, 'અચ્છા, તો તમે બધા જ લેસન કરી લાવ્યા છો, એમ ને ? હું હમણા જ બધાની ડ્રોઇંગબુક તપાસવાની છું.'

'મેમ,મેમ..' મોન્ટુએ ડરતા ડરતા હાથ ઉંચો કર્યો. 'હા, મોન્ટુ, બોલ તું હોમવર્ક નથી કરી લાવ્યો ? કેમ નથી કર્યું ?' 'મેમ, કાલે મારા ઘરે ગેસ્ટ આવ્યા હતા, એટલે મારું હોમવર્ક રહી ગયું છે.' 'હં, કોઇ બીજાનું હોમવર્ક બાકી છે ?' માલતીબેને પૂછ્યું. 'મેમ, અમે કાલે ડીનર પર બહાર ગયા હતા, ઘરે પહોંચતા મોડું થયું એટલે મારું હોમવર્ક પણ બાકી રહી ગયું છે.' શીના ધીમેથી બોલી. 'જેમનું હોમવર્ક બાકી હોય તે ઉભા થાવ, અને પાછળની બેંચ પર બેસીને હોમવર્ક પૂરું કરો.' માલતીબેને કહ્યું એટલે મોન્ટુ, શીના અને બીજા ત્રણ બાળકો પોતાની સ્કૂલબેગ લઇને પાછલી બેંચ પર જઇને પોતાના ડ્રોઇંગમાં કલર કરવા લાગ્યા.

'મેમ, મારી પાસે કલર્સ નથી.' અમીએ ડરતા ડરતા માલતીબેનને કહ્યું. 'તારી પાસે કલર્સ કેમ નથી ?' મેમે પૂછ્યું. 'મારી મમ્મીને તાવ હતો એટલે એ બજારમાં નથી ગઇ, પપ્પા આજે ઓફીસેથી ઘરે આવશે ત્યારે મારા માટે કલર્સ લઇ આવશે.' અમી બોલી. માલતીબેને બેલ મારીને પ્યુનને બોલાવ્યો, અને સ્ટાફરૂમના કબાટમાંથી અમી માટે કલર્સ મંગાવ્યા. કલર્સ આવ્યા એટલે અમી ખુશ થઇને પાછલી બેંચ પર બેસીને એના ડ્રોઇંગમાં કલર્સ પુરવા માંડી.

'ચાલો, હવે જેમના ડ્રોઇંગ કમ્પ્લીટ છે, એ લોકો વારાફરતી મારી પાસે આવીને ચેક કરાવી જાઓ' એમ બોલતા બોલતા માલતીબેન બ્લેકબોર્ડ પાસે મુકેલા ટેબલની પાછળની ખુરશી પર બેસી ગયા. બાળકો એક પછી એક આવીને મેમ પાસે પોતાની બુક ચેક કરાવવા માંડ્યા. મેમ એમના ડ્રોઇંગ ચેક કરીને, સૂચના આપીને, ગ્રેડ આપીને, સહી કરતા ગયા. જ્યારે રોહને પોતાની ડ્રોઇંગબુક માલતીબેનને આપી ત્યારે એનું ડ્રોઇંગ જોઇને મેમ બોલ્યા, 'રોહન, આ શું છે ? તેં ચિત્ર તો સરસ બનાવ્યું, એમાં રંગો પણ સારી રીતે પૂર્યા, પણ પછી એના પર આડા અવળા લીટા કેમ કર્યા ?'

રોહન પોતે પોતાના ડ્રોઇંગમાં આડા અવળા લીટા જોઇને ઘભરાઇ ગયો, એ 'મેમ, મેમ..મેમ..' એટલું જ બોલી શક્યો. 'બોલ રોહન, આવું સરસ ડ્રોઇંગ કરીને એના પર લીટા કેમ કર્યા તેં ?' માલતીબેને એને ધીરેથી પૂછ્યું. રોહને કહ્યું, 'મેમ, મને નથી ખબર કે મારા ચિત્રમાં લીટા કોણે કર્યા.' રોહને રડમસ અવાજે કહ્યું. હવે માલતીબેન ફૂટપટ્ટી લઇને ઉભા થયા, અને કડક અવાજે ક્લાસના વિધાર્થીઓને પૂછ્યું, 'સાચું કહેજો, રોહનની બુકમાં લીટા કોણે કર્યા છે ?' બધા વિધાર્થીઓ ઘભરાઇ ગયા અને એકી અવાજે બોલી ઉઠ્યા, 'મેમ, અમે લીટા નથી કર્યા.'

'રોહન, તું તારી સ્કૂલબેગ મુકીને ક્યાંક ગયો હતો ?' 'હા, મેમ. સ્કુલમાં આવીને હું ક્લાસમાં સ્કૂલબેગ

મુકીને પાણી પીવા ગયો હતો.' 'તો કોઇએ એ જ વખતે આ તોફાન કર્યું લાગે છે, આપણે આવું કરનારને શોધી કાઢીશું.' માલતીબેને એની બુક પાછી આપતા કહ્યું. બધા બાળકોનું હોમવર્ક ચેક કર્યા પછી માલતીબેને બાળકોને કમળનું ફૂલ કઇ રીતે દોરાય તે બતાવ્યું, બધા બાળકોએ પોતાને આવડે એ મુજબનું ફૂલ દોર્યું, મેમે એમને એમાં ઘરેથી કલર કરી લાવવાનું કામ સોંપ્યું.

બેલ વાગવાને થોડા સમયની વાર હતી, એટલે મેમે બધાને ભારતના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની વાત કરી. ગાંધીજી નાના હતા, ત્યારે એકવાર એમણે ઘરમાં ચોરી કરી હતી, પણ પછી સાચી વાત કહી દઈને, પસ્તાવો વ્યક્ત કર્યો હતો, અને પછી હંમેશા સાચું બોલવાની પ્રતિજ્ઞા લીધી હતી એ વાત કરી. બાળકો એકધ્યાન થઈને માલતીબેનની વાત સાંભળી રહ્યા. 'બાળકો તમે પણ ગાંધીજીની જેમ હંમેશા સાચું જ બોલશોને ?' એમ જ્યારે માલતીબેને પૂછ્યું ત્યારે સૌ સાથે બોલી ઉઠ્યા, 'યસ, મેમ.' 'તો સાચું બોલો, રોહનની બુકમાં લીટા કોણે કર્યા ?' 'અમે નથી કર્યા.' ફરી સૌ સાથે બોલી ઉઠ્યા. 'હં, મારે કંઇ બીજો ઉપાય અજમાવવો પડશે' માલતીબેન મનોમન બોલ્યા. સ્કુલ છુટવાનો બેલ વાગ્યો એટલે બાળકો કિલકારી કરતા ઘરે જવા દોડ્યા, અને માલતીબેન સ્ટાફરૂમ માં ગયા.

રોહન સ્કુલબસમાંથી ઉતર્યો ત્યારે એની મમ્મી બસસ્ટેન્ડ પર લેવા આવી હતી. 'રોહન, આજે શું કર્યું સ્કુલમાં?' મમ્મીએ પૂછ્યું એટલે રોહને કહ્યું, 'મમ્મી, મારા ડ્રોઇંગમાં કોઇએ લીટા મારી દીધા' 'અચ્છા, એવું કોણે કર્યું ?' મમ્મીએ પૂછ્યું. 'મને ખબર નથી.' રોહને કહ્યું. ઘરે પહોંચીને રોહને મમ્મીને પોતાનું ડ્રોઇંગ બતાવ્યું, મમ્મી એના પરના લીટા જોઇને વિચારમાં પડી ગઈ, પછી રોહનને પૂછ્યું, 'કાલે તેં ડ્રોઇંગ કરીને પછી બુક સ્કૂલબેગમાં મૂકી હતી કે બહાર જ રાખી હતી ?' 'બહાર જ હતી.' રોહન બોલ્યો. 'હવે સમજાયું, લીટા કોણે કર્યા.' મમ્મી હસીને બોલી. 'કોણે કર્યા, મમ્મી ?' રોહને પૂછ્યું. 'છોટુએ.' મમ્મી બોલી. છોટુ રોહનનો નાનો ભાઈ હતો, એનું નામ રાહુલ હતું, પણ એ નાનો હતો એટલે ઘરમાં બધા છોટુ કહીને બોલાવતા હતા, છોટુ ચાર વર્ષનો હતો.

'છોટુએ ? તને કેવી રીતે ખબર પડી કે લીટા એણે કર્યા છે ?' રોહને નવાઈથી પૂછ્યું. 'જો, તારા ડ્રોઇંગમાના કલર્સ અને લીટાના કલર્સ સેમ ટુ સેમ છે, મતલબ લીટા તારા પેન્સિલ કલરથી જ થયા છે, આજે તું તારા કલર્સ સ્કુલે લઇ જવાનું ભૂલી ગયો હતો, એનો મતલબ કે લીટા કોઇએ સ્કુલમાં નહીં પણ ઘરમાં છોટુએ જ કર્યા છે.' મમ્મી બોલી. 'ઓહો મમ્મી, તું તો ડીટેકટીવ મમ્મી છે ને કંઇ?' રોહન નવાઈ પામીને બોલ્યો.

'પણ એ છોટુડાને હું નહીં છોડું.' રોહને વળી ગુસ્સામાં કહ્યું. 'બેટા, તું નાનો હતો ત્યારે તેં પણ એકવાર પપ્પાની ઓફિસની ડાયરીમાં ઇન્કપેનથી લીટા કરેલા, પપ્પાની ડાયરી ખરાબ થઇ ગયેલી અને ઇન્કપેનની નિબ પણ તૂટી ગયેલી.' 'ઓહ, તો તો પછી, પપ્પા મારા પર ગુસ્સે થયા હશે ?' રોહને પૂછ્યું. 'હા, પણ પછી પપ્પાએ પોતાની ડાયરી અને પેન યોગ્ય ઠેકાણે મુકવાનું શરુ કરેલું, અને તને કોરા પેપર્સ અને બોલપેન આપાવેલા' મમ્મીએ માહિતી આપી, અને ઉમેર્યું, 'આપણે છોટુને એક ડ્રોઇંગ બુક અને કલર્સ અપાવી દઇશું, અને બેટા, હવે કલર્સ કરીને તું પણ તારી ડ્રોઇંગ બુક અને કલર્સ તારી સ્કૂલબેગમાં મૂકી દેજે.' મમ્મીએ હસીને કહ્યું.

'ઓકે મોમ, હવે હું ફ્રેન્ડસ જોડે રમવા જાઉં ?' એમ કહીને રોહન, છોટુને વહાલ કરીને, મમ્મીની પરમીશન લઈને હસતો કુદતો સોસાયટીમાં ફ્રેન્ડસ સાથે રમવા ગયો.

## Sorry

**જીવનસાથી પસંદગીની એન્ટ્રી ઓછી આવી હોવાથી આ અંક જુલાઈ માસમાં પ્રકાશિત થશે... જેની નોંધ લેવી**

# સંસ્થા સમાચાર

## શ્રી પંચોલી સેવા સમાજ-મુંબઈ

શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇ વર્ષ ૨૦૧૮-૧૯ની કારોબારી સભા નં. ૧નું આયોજન તા. ૬.૦૫.૨૦૧૮નાં રવિવારના રોજ પ્રમુખશ્રી રાહુલભાઇ જીતેન્દ્રભાઇ મિસ્ત્રીના નિવાસ સ્થાને મીરારોડ મુકામે મળી. જેમાં ૧૪ સભ્યોની હાજરીથી સભાની શરૂઆત મંત્રીશ્રી પરાગભાઇ મિસ્ત્રી એ કરી.

પ્રથમ શ્રી રાહુલભાઇ મિસ્ત્રીને વર્ષ ૦૧૮-૧૯નું પ્રમુખપદ સ્વીકારવા બદલ પરાગભાઇએ અભિનંદન આપ્યા અને નવા કારોબારી સભ્યોનું સ્વાગત કર્યુ.

એજન્ડા : ૧ ગત કારોબારી સભા વર્ષ ૨૦૧૭-૧૮ની સભા નં.૫ની મિનિટસનું વાંચન પરાગભાઇ દ્વારા કરવામાં આવી અને તેને સર્વાનુમતે મંજુરી આપવામાં આવી.

એજન્ડા નં.ર - શ્રી પં.સે.સ. મુંબઇ વર્ષ ૨૦૧૮-૧૯ના નવા કારોબારી સભ્યોની જાહેરાત તેમજ અન્ય સંચાલન સમિતિની નિમણૂંક અને રચના જેની પ્રસ્તાવના શ્રી રાહુલભાઇ મિસ્ત્રી દ્વારા કરવામાં આવી તે નીચે મુજબ છે.

શ્રી પં.સે.સ.મુંબઇ કારોબારી સભ્યો-વર્ષ ૨૦૧૮-૧૯

| | | |
|---|---|---|
| પ્રમુખ | શ્રી રાહુલ જીતેન્દ્રભાઇ મિસ્ત્રી | મીરારોડ |
| ઉપપ્રમુખ | શ્રી વિશાલ કમલભાઇ કાપડિયા | મીરારોડ |
| ઉપપ્રમુખ | શ્રીમતિ ડિમ્પલ હિરલભાઇ મિસ્ત્રી | અંધેરી |
| મંત્રી | શ્રી પરાગ નવિનચંદ્ર મિસ્ત્રી | મુંબઇ |
| સહમંત્રી | શ્રી કમલ ઇશ્વરલાલ મિસ્ત્રી | ખેતવાડી |
| સહમંત્રી | શ્રીમતિ ફોરમ દેવાંગ ગાંધી | મીરારોડ |
| ખજાનચી | શ્રી કુંતલ પ્રફુલચંદ્ર પંચોલી | માહિમ |
| સહ ખજાનચી | શ્રી રાકેશ નવિનચંદ્ર મિસ્ત્રી | મીરારોડ |
| ઓડીટર | શ્રી કિરણભાઇ મણીલાલ પંચોલી | શાંતાક્રુઝ |

કારોબારી સભ્યો

| | |
|---|---|
| શ્રી ચેતનભાઇ મોહનલાલ કાપડિયા | મીરારોડ |
| શ્રી નકુલ ભાવિકભાઇ કાપડિયા | મીરારોડ |
| શ્રી પ્રતિક કમલેશભાઇ પંચોલી | બોરીવલી |
| શ્રી કમલેશ ધીરજલાલ પંચોલી | મુંબઇ |
| શ્રી નયન નવિનચંદ્ર મિસ્ત્રી | મીરારોડ |
| શ્રી નિશાંત મયંકભાઇ મિસ્ત્રી | ગોરેગાંવ |
| શ્રી કૃણાલ રાજેન્દ્રભાઇ પંચોલી | મુંબઇ |
| શ્રી જયદીપ ગિરીશભાઇ ઝવેરી | મુંબઇ |
| શ્રી દિવ્યકાંત ભરતભાઇ મિસ્ત્રી | તારદેવ |

શ્રી લીલાવતી છગનલાલ મેમોરીયલ ટ્રસ્ટના સંચાલકો

શ્રી રાહુલ જીતેન્દ્રભાઇ મિસ્ત્રી
શ્રી વિશાલ કમલ કાપડિયા
શ્રીમતિ ડિમ્પલ હિરલ મિસ્ત્રી
શ્રી પરાગ નવિનચંદ્ર મિસ્ત્રી
શ્રી કુંતલ પ્રફુલચંદ્ર પંચોલી
શ્રી નિલેશ રજનીકાંત પંચોલી

શ્રી પં.સે.સ. મુંબઇ જમણવાર સમિતિ

શ્રી કમલ ઇશ્વરભાઇ મિસ્ત્રી
શ્રી કમલેશ ધીરજલાલ મિસ્ત્રી

શ્રી પં.સે.સ. મુંબઇ નવયુગ પ્રકાશન સમિતિ

શ્રી પરાગ નવિનચંદ્ર મિસ્ત્રી
શ્રી રાકેશ નવિનચંદ્ર મિસ્ત્રી
શ્રી જયદિપ ગિરીશભાઇ ઝવેરી
શ્રીમતિ ડિમ્પલ હિરલભાઇ મિસ્ત્રી
શ્રીમતિ ફોરમ દેવાંગ ગાંધી

સરકયુલર તથા વાર્ષિક અહેવાલ પ્રકાશન સમિતિ

શ્રી રાહુલભાઇ જીતેન્દ્રભાઇ મિસ્ત્રી
શ્રી પરાગ નવિનચંદ્ર મિસ્ત્રી
શ્રી વિશાલ કમલ કાપડિયા
શ્રી રાકેશ નવિનચંદ્ર મિસ્ત્રી
શ્રી કૃણાલ રાજેન્દ્ર પંચોલી
શ્રી જયદિપ ગિરીશ ઝવેરી

ઓથૌરાઇઝ સીગ્નેટરી

શ્રી ભાવિક મોહનલાલ કાપડિયા
શ્રી મુકેશ પરમાનંદ પંચોલી
શ્રી રાહુલ જીતેન્દ્રભાઇ મિસ્ત્રી

શ્રી નિલેશ રજનીકાંત પંચોલી
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ પ્રતિનિધિ
શ્રી ભુપેન્દ્ર ચુનીલાલ પંચોલી
શ્રી મુકેશ પરમાનંદ પંચોલી
શ્રી કિરણભાઇ મણીલાલ પંચોલી
શ્રી જયંતિભાઇ મંગુભાઇ મિસ્ત્રી
શ્રી જીતેન્દ્ર ગોવિંદદાસ મિસ્ત્રી
શ્રી ચેતનભાઇ મોહનલાલ કાપડિયા

તથા શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇના તમામ કારોબારી સભ્યો.

નિભાવફંડ કલેશન સમિતિ

મુંબઇ વિભાગ : શ્રી કમલ મિસ્ત્રી, શ્રી કમલેશ પંચોલી, શ્રી પરાગ મિસ્ત્રી, શ્રી દિવ્યકાંત ભરતભાઇ મિસ્ત્રી, શ્રી જયદિપ ઝવેરી, શ્રીમતિ કેતનાબેન પંચોલી

દાદરથી અંધેરી વિભાગ : શ્રીમતિ ડિમ્પલ હિરલ મિસ્ત્રી શ્રી કુંતલ પ્રફુલચંદ્ર પંચોલી

જોગેશ્વરી થી બોરીવલી વિભાગ : શ્રી નિશાંત મિસ્ત્રી, શ્રી હર્ષ કાપડિયા, શ્રી પ્રતિક પંચોલી, શ્રી નકુલ કાપડિયા.

દહિંસરથી વિરાર વિભાગ : શ્રી ચેતનભાઇ કાપડિયા, શ્રી રાહુલ મિસ્ત્રી, શ્રી નયન મિસ્ત્રી, શ્રી વિશાલ કાપડિયા, શ્રીમતિ અનુબેન કાપડિયા.

સંલગ્ન સંસ્થાઓના કારોબારી સભ્યો..

મ્યુચ્યુઅલ ફંડ નિવેશ સંચાલન સમિતિ :

શ્રી નકુલ ભાવિક કાપડિયા, શ્રી નિશાંત મયંક મિસ્ત્રી, શ્રી દિવ્યકાંત ભરતભાઇ મિસ્ત્રી, શ્રી કમલેશ ધીરજલાલ પંચોલી, શ્રી નયન નવિનચંદ્ર મિસ્ત્રી

શ્રી પંચોલી ભગીની સમાજ-મુંબઇ

| | |
|---|---|
| પ્રમુખ - શ્રીમતિ અનુરાધા ચેતન કાપડિયા | મીરારોડ |
| ઉપપ્રમુખ - શ્રીમતિ નીતાબેન દિપક પંચોલી | વસઇ |
| મંત્રી - શ્રીમતિ ઇલા રજનીકાંત પંચોલી | વસઇ |
| ખજાનચી - શ્રીમતિ કેતના મનિષભાઇ પંચોલી | મુંબઇ |
| સહ ખજાનચી-શ્રીમતિ જાગૃતિ ચંદ્રવદન મહેતા | મુંબઇ |
| કા. સભ્યો - શ્રીમતિ મનિષા ભાવિક કાપડિયા | મીરારોડ |
| શ્રીમતિ પ્રતિમા ઉમેશચંદ્ર મિસ્ત્રી | વિરાર |
| શ્રીમતિ કવિતા વિજય પંચોલી | મુંબઇ |
| શ્રીમતિ લીના રાહુલ મિસ્ત્રી | મીરારોડ |
| શ્રીમતિ જાગૃતિ રાકેશ મિસ્ત્રી | મીરારોડ |
| શ્રીમતિ રેશ્મા કલ્પેશ પંચોલી | અંધેરી |

યુવા મંચ આવિષ્કાર ગ્રુપ-મુંબઇ

| | |
|---|---|
| પ્રમુખ - શ્રી હર્ષ ભાવિક કાપડિયા | મીરારોડ |
| ઉપપ્રમુખ - શ્રી નકુલ ભાવિક કાપડિયા | મીરારોડ |
| મંત્રી - શ્રીમતિ ફોરમ દેવાંગ ગાંધી | |
| ખજાનચી - શ્રી નિશાંત મયંક મિસ્ત્રી | ગોરેગાંવ |
| કા. સભ્યો - શ્રી વત્સલ રશ્મિન મિસ્ત્રી | મુંબઇ |
| કુમારી કિંજલ વિજય મહેતા | અંધેરી |
| કુમારી વૈશાખી કુમારેશ મિસ્ત્રી | મીરારોડ |
| શ્રીમતિ કવિતા પ્રતિક પંચોલી | બોરીવલી |
| શ્રી પ્રતિક કમલેશ પંચોલી | બોરીવલી |
| શ્રી મયૂર કમલભાઇ કાપડિયા | મીરારોડ |
| કુમારી કશ્વિ રાહુલ મિસ્ત્રી | મીરારોડ |

યુવા મંચ સલાહકાર સમિતિ :

| | |
|---|---|
| શ્રી વિશાલ કમલ કાપડિયા | મીરારોડ |
| શ્રીમતિ ડિમ્પલ હિરલ મિસ્ત્રી | અંધેરી |

એજન્ડા : ૩ શ્રી રામનવમી અને નવચંડી યજ્ઞ સમારોહ ઉત્સવ વર્ષ-૭૪, ૨૦૧૭-૧૮ તા. ૨૫.૩.૨૦૧૮ના હિસાબો ની રજુઆત પરાગભાઇ મિસ્ત્રી દ્વારા કરવામાં આવી. જેને સર્વાનુમતે મંજુરી મળતા હિસાબ પાસ જાહેર કરવામાં આવ્યા.

એજન્ડા નં. ૪ : નોટબુક અને રોકડ વિતરણ ચર્ચા, વિચારણા અને રજુઆત પરાગ મિસ્ત્રીએ કરી કે શ્રી પ.સે.સ મુંબઇ દ્વારા આયોજિત નોટબુક તથા રોકડ વિતરણ કાર્યક્રમ આ વર્ષે તા. ૧૦.૬.૨૦૧૭ તથા ૫.૮.૨૦૧૮ ના બન્ને રવિવારના રોજ સવારે ૯ કલાક થી બપોરે ૧ કલાક સુધી યોજાશે. ગત વર્ષે કુલ્લે ૮૩ નોટબુકો વધી હતી અને આ વર્ષે બીજી ૩૦ ડઝન નોટબુકોનો ઓર્ડર આપવામાં આવ્યો છે. આ કાર્યક્રમ શ્રી નવિનભાઇ લલ્લુભાઇ મિસ્ત્રીની ઓફિસ ગોળદેવળ મુકામે યોજવામાં આવશે. નોટબુક અને રોકડ વિતરણ કાર્યક્રમ માટે શ્રી પરાગ મિસ્ત્રી, શ્રીમતિ કેતનાબેન પંચોલી, શ્રી કમલ મિસ્ત્રી, શ્રી કમલેશ પંચોલી તથા દિવ્યકાંતભાઇ મિસ્ત્રીની નિમણુક કરવામાં આવી હતી.

નોટબુક તથા રોકડ વિતરણ ગત વર્ષ માફક યથાવત રાખવા એવો નિર્ણય લેવામાં આવ્યો

| | | |
|---|---|---|
| ધો. ૧ થી ધો. ૩ | નોટબુક ૧૦ નંગ | રૂા. ૪૦૦ |
| ધો. ૪ થી ધો. ૬ | નોટબુક ૧૫ નંગ | રૂા. ૫૦૦ |
| ધો. ૬ થી ધો. ૯ | નોટબુક ૧૫ નંગ | રૂા. ૭૦૦ |
| ધો. ૧૦ થી ધો. ૧૨ | નોટબુક ૧૫ નંગ | રૂા. ૮૦૦ |
| ધો. ૧૩ થી ૧૫ | -- -- -- | રૂા. ૧૫૦૦ |

એજન્ડન : ૫ પ્રમુખશ્રીની મંજુરીથી રજુ થાય તે

વર્ષ ૨૦૧૮-૧૯ દરમ્યાન યોજનાર કાર્યક્રમની તારીખ તેમજ અન્ય ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ નિર્ણયો લેવાયા જેમાં દિપોત્સવી રસોત્સવ કાર્યક્રમ તા. ૧૮.૧૧.૨૦૧૮ દરમ્યાન યોજાશે. તે અંગેનસ અન્ય ચર્ચા અગામી સભામાં મુલતવી રાખી. રાહુલભાઇ મિસ્ત્રી એ સૂચન કર્યુ કે અગામી વર્ષ શ્રી પં.સૌ.સ.મુંબઇ વર્ષ ૨૦૧૯-૨૦ માં ૭૫ વર્ષમાં પ્રવેશ કરતું હોવાથી એ વર્ષને અનુલક્ષીને આ વર્ષે દિપોત્સવી રસોત્સવ કાર્યક્રમ દરમ્યાન શ્રી પંચોલી ભગીની સમાજના રાસ ગરબાનું આયોજન શ્રી પંચોલી દિપોત્સવી રસોત્સવના બેનર હેઠળ યોજાવું જોઇએ. સભામાં હાજર રહેલ સભ્યોની ઉગ્ર ચર્ચા વિચારણાના અંતે પ્રમુખશ્રીના સૂચનને મંજુરી મળી હતી. પરાગભાઇ દ્વારા શ્રી રામનવમી પ્રસંગે અપાતી વિધવા સહાય અરજી તેમજ બીજી બે નામંજુર કરાયેલી અરજી અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી નામંજુર થયેલ બન્ને અરજીઓની વિધવાઓને શ્રી પં.સૌ.સ. મુંબઇના આજીવન સભ્યો બનાવી તેઓને સહાય આપવી એવા સૂચન કરવામાં આવ્યા હતા. પરંતુ શ્રી.પં.સૌ.સ. મુંબઇના બંધારણને અનુસરીને તેમજ સામાન્ય સભામાં પાસ થયેલ ઠરાવ મુજબ શ્રી પં.સૌ.સ. મુંબઇ દ્વારા અપાતા લાભાલાભ ફક્ત આજીવન સભ્યો તેમજ આજીવન સભ્યોના પરિવાર પૂરતાં મર્યાદિત હોવાથી તેમજ મુંબઇ બહાર વસતાં સભ્યોને આજીવન સભ્ય ન બનાવી શકતા હોવાથી આ બન્ને અરજી ને મંજૂરી ન મળી શકે એવો નિર્ણય સર્વાનુમતે લેવામાં આવ્યો હતો.

અંતમાં પ્રમુખશ્રી રાહુલભાઇ મિસ્ત્રી દ્વારા સભામાં હાજરી આપવા બદલ તેમજ અગત્યના નિર્ણયો ઉપર ચર્ચા, વિચારણા અને મંજુરી દર્શાવવા બદલ તમામ કારોબારી સભ્યોનો આભાર વ્યક્ત કર્યો હતો. સહમંત્રી કમલભાઇ મિસ્ત્રીએ રાહુલભાઇ અને તેમના પરિવારજનોનો તેમના નિવાસસ્થાને સભાનું આયોજન

## શ્રી પંચોલી સમાજ-અમદાવાદ



**અમદાવાદનું ગૌરવ :**

અમદાવાદના શ્રીમતિ કૌશલ અને શ્રી મિતેષકુમાર એચ. પંચોલીની સુપુત્રી કુ. સ્વધાએ ભારતનાટયમ્ પાંચ વર્ષની નૃત્ય સાધના પૂર્ણ કરી તા. ૧૩.૫.૨૦૧૮ના રોજ આરંગેત્રમ્ કર્યુ તેબદલ પરિવાર તથા પંચોલી સમાજ ગૌરવ અનુભવે છે.. અને હાર્દિક અભિનંદન પાઠવે છે.

તા. ૫.૫.૨૦૧૮ ગુજરાત વિઝીયુઅલ આર્ટિસ્ટ એસોસીએશનના ઉપક્રમે બાળ કલા શિબિરના કાર્યક્રમમાં શ્રી જય પંચોલી અતિથિવિશેષ-મનનીય પ્રવચન આપ્યુ. બુકે દ્વારા સન્માન..

ગુજરાત રાજય રમતગમત-યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અને ગુજરાત વિઝીયુઅલ આર્ટિસ્ટ એસોસિએશન દ્વારા તા. ૯.૫.૨૦૧૮ કલા શિબિર રવિશંકર રાવળ કલાભવનમાં યોજાઇ શ્રી જય પંચોલી અતિથિવિશેષ-મનનીય પ્રવચન

તા. ૯.૫.૨૦૧૮ ગુજરાત વિઝીયુઅલ આર્ટીસ્ટના ઉપક્રમે યોજાયેલ બાળકલા શિબિરના ઇનામ વિતરણ કાર્યક્રમમાં શ્રી જય પંચોલી મુખ્ય મહેમાન

તા. ૧૫.૫.૨૦૧૮ ગુજરાત વિઝીયુઅલ વિમેન્સ આર્ટિસ્ટ એસોસિએશનના ઉપક્રમે અમદાવાદની ગુડા ખાતે ૨૦ કલાકારોના ચિત્ર પ્રદર્શનના ઉદ્ઘાટન સમારંભમાં

કલાગુરુ-સુપ્રસિદ્ધ ચિત્રકાર શ્રી જય પંચોલી અતિથિવિશેષ હતા. બુકેથી સ્વાગત-પ્રસંગોચિત પ્રવચન..

## શ્રી પંચોલી સેવા સમાજ-પાવી જેતપુર

તા. ૧૮.૫.૨૦૧૮ના રોજ પાવી જેતપુર એકમની એક મિટિંગ કનુભાઇ હિંમતભાઇ પંચોલીના નિવાસ સ્થાને રાખવામાં આવી હતી. મિટિંગ એકમના પ્રમુખ શ્રી ગણપતભાઇ ભટાભાઇ પંચોલીના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવી. પ્રથમ મિટિંગમાં ગત મિટિંગની કાર્યવાહીનું વાંચન કરવામાં આવ્યુ અને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

સમાજમાં ચાલતી વિવિધ યોજનાઓ બાબતે સમાજના લોકોને માહિતિ આપવામાં આવી હતી. જીવનસાથસ પસંદગી ફોર્મ જે ઉમેદવાર લાયક છે તેમણે વહેલી તકે ફોર્મ ભરીને મંત્રીશ્રીને પહોંચાડવા.

સમાજ સરક્ષા, તબિબિ સહાય, વિધવા સહાય વિષે સૌને માહિતગાર કરવામાં આવ્યા. તથા બાળકોને ઉઘડતી સ્કૂલ પહેલા ઇનામ વિતરણ અંગે ચર્ચા કરવામાં આવી.

પાવી જેતપુર એકમના સહમંત્રી અને માજી મંત્રી શ્રી કનુભાઇ હિંમતભાઇ તથા તેમના પત્ની શ્રીમતિ ચંદ્રિકાબેન તા. ૧૫ મેના રોજ કેનેડા જનાર હોય શુભેચ્છા પાઠવવામાં આવી અને પ્રવાસની સફળતા માટે પ્રભુ પ્રાર્થના કરી. કનુભાઇને પ્રમુખશ્રી ગણપતભાઇ તથા મંત્રીશ્રી નિમેશભાઇએ બુકે તથા શ્રીફળ અને સાકર આપી સન્માનિત કરાયા. તથા મહિલા મંડળ દ્વારા ચંદ્રિકાબેનને શ્રીફળ અને સાકર આપી સન્માનિત કર્યા. ભુરી બહેને સુંદર ભજન થી સૌને ભક્તિમય બનાવી દીધા. અંતમાં કનુભાઇ પરિવાર તરફથી આઇસક્રિમને ન્યાય આપી સૌ છુટા પડ્યા.

## શ્રી પંચોલી સેવા મંડળ-રાજપીપલા

રૂા. ૫૦૧ સ્વ. શ્રી રમણભાઇ કેશવલાલ પંચોલી -બરકાલ ના સ્મરણર્થે હસ્તે પ્રવિણભાઇ-કનુભાઇ તથા પરિવારજનો તરફથી ભેટ મળ્યા.

રૂા. ૨૦૧ સ્વ. ગં.સ્વ. જશોદાબેન ઠાકોરલાલ પંચોલી-બરકાલ ના સ્મરણાર્થે હસ્તે જગદીશભાઇ ઠાકોરલાલ પંચોલી પરિવાર જનો તરફથી ભેટ મળ્યા.

રૂા. ૫૦૧ રાજપીપલા(હાલ ભરૂચ) નિવાસી શ્રી દિનેશભાઇ કલ્યાણભાઇ પંચોલી તરફથી જન્મદિન નિમિત્તે ભેટ મળ્યા.

## શ્રી પંચોલી સેવા સમાજ ટ્રસ્ટ વડોદરા

શ્રી પંચોલી સેવા સમાજ ટ્રસ્ટ વડોદરાના ટ્રસ્ટીઓ તથા કારોબારી સભ્યોની સંયુકત સભા ટ્રસ્ટ પ્રમુખ શ્રી રમેશભાઇ એન. પંચોલીના નિવાસ સ્થાને ૨૦ મેની સાંજે દેવાંગભાઇની પ્રાર્થના સાથે મંગળ પ્રારંભ થયો. શ્રી રમેશભાઇએ સૌને આવકાર્યા. બાંધકામ માટેભવનફંડની તેમજ વિલંબ થવા અંગેની માહિતી આપી. મંત્રીશ્રી ચંદ્રકાંતભાઇએ ટ્રસ્ટના સદ્ગત સભ્યોને શ્રદ્ધાંજલી આપી. સદ્ગત સભ્યને સ્થાને તેમના પરિવારમાંથી સહમતિથી એક સભ્યને સભ્યપદ આપવાનું ઠરાવવામાં આવ્યું. ટ્રસ્ટના ખજાનચી શ્રી રમેશભાઇ આર. પંચોલીએ હિસાબો રજૂ કર્યા. ચાટર્ડ એકાઉન્ટન્ટ અને ટ્રસ્ટી શ્રી બી. આર. પંચોલીએ નવા નિયમો મુજબ હિસાબો તૈયાર કરવા સંબંધે માહિતિ અને માર્ગદર્શન આપ્યા. સભાએ સર્વાનુમતે હિસાબો મંજુર કર્યા.

ટ્રસ્ટના ટ્રસ્ટી, ઉપપ્રમુખ તથા જાણીતા બિલ્ડર શ્રી સંજીવભાઇ પંચોલીએ ટ્રસ્ટ માટે જમીન સંપાદનથી શરૂ કરીને વર્તમાન પરિસ્થિતિ સુધીની તમામ તબકકાઓની ખૂબ સચોટ છણાવટ કરી માહિતિ આપી. જમીન તથા દસ્તાવેજ માટે ખૂબ મોટી રકમનો ખર્ચ થતાં બાંધકામ માટે અપર્યાપ્ત ભંડોળ રહેતા સૌ પ્રથમ ભંડોળ

એકત્રિત કરવા તરફ ધ્યાન કેન્દ્રિત કરાયુ. સરકારની નવવી નિતિ આવતાં નવી ટીપી અમલમાં આવી જેથી આપણને મળેલ જમીનનો આકાર અને ક્ષેત્રફળમાં સુધારો થતાં સમાજને ફાયદો થનાર છે. હવે છ એક મહિનામાં ટીપી ફાયનલ થતાં બાંધકામની નવી પરવાનગી લઇ ગ્રાઉન્ડ પાર્કિંગ અને એક માળનું બાંધકામ શરૂ કરાશે. પ્રારંભિક અર્ચ અંદાજે રૂા. ૫૦ લાખ થશે. યુવા ટીમ વડિલ ટીમની સાથે રહી અસરકારક કાર્ય કરતાં સમાજભવનનું સ્વપ્ન ચોક્કસ સાકાર થશે. શ્રી સંજીવભાઇની અનુભવી અને સત્યસભર સચોટ રજૂઆતથી સૌ સભ્યોએ સંતોષ અનુભવ્યો.

ઓગસ્ટ મહિનામાં સામાન્ય સભાનું આયોજન કરવાનું નક્કી કરવામાં આવ્યં. વર્તમાન મંત્રી શ્રી ચંદ્રકાંતભાઇ તથા સહમંત્રી શ્રી મધુસુદનભાઇએ રાજીનામાં આપ્યા જે સામાન્ય સભામાં રજૂ કરવાનું નક્કી કરવામાં જણાવ્યું. સમાજની નવિન કારોબારી માટે સમાજના ઉત્સાહી ભાઇ-બહેનો આગળ આવશે એવી આશા વ્યકત કરવામાં આવી. શ્રી પંચોલી સમાજ વડોદરાના પ્રમુખશ્રી પદ્માકાંતભાઇ, મંત્રીશ્રી દેવાંગભાઇ, વરિષ્ઠ સભ્ય શ્રી મધુભાઇ, ડૉ. સૂર્યકાંતભાઇ, સી.એ. શ્રી ભૂપેન્દ્રભાઇ, શ્રી અશ્વિનભાઇ, શ્રી વિકાસભાઇ, શ્રી હરિશભાઇ, શ્રી રમેશભાઇ આર. વગેરે સભ્યોએ ખૂબ જ રચનાત્મક અને હકારાત્મક અભિગમથી સભાની કાર્યવાહી જીવંત બનાવી.

સૌએ શ્રીમતિ મધુબેન અને શ્રીમતિ શકુંતલાબેને તૈયાર કરેલ સીઝનલ રસ પૂરીના ભોજનનો રસાસ્વાદ માણ્યો. મંત્રીશ્રી ચંદ્રકાંતભાઇના આભાર દર્શન સાથે સભાનું સમાપન કરવામાં આવ્યું.

સમાજ ભવનનું નિર્માણ પ્રત્યેક પંચોલીનું સ્વપ્ન છે. ભવન માટે ટ્રસ્ટ નોંધણી અને ભૂમી સંપાદનનું સહત્વનું કાર્ય થયુ છે. ગુજરાત સરકાર દ્વારા ટી.પી. ફાયનલ થતા આગળનું કાર્ય થશે.

ભવન માટે દાનનો પ્રવાહ ચાલુ છે...

રૂા. ૧૧,૦૦૦ સ્વ. રમીલાબેન અને સ્વ. મફતલાલ ભીખાભાઇ પંચોલીના સ્મરણાર્થે પરિવારજનો તરફથી.

રૂા. ૫,૦૦૧ સ્વ. નગીનલાલ પીતાંબરદાસ પંચોલીના સ્મરણાર્થે હસ્તે ગં.સ્વ. સુશીલાબેન એન. પંચોલી

### શ્રી પંચોલી સમાજ-સંખેડા

શ્રી પંચોલી સમાજ સંખેડા ના પ્રમુખ શ્રી કિશનભાઇનું જણાવવાનું કે સંખેડા એકમના તમામ ભણતા વિદ્યાર્થીઓએ પોતાની માર્કશીટ તા. ૩૦ જુન પહેલાં પ્રમુખશ્રી કિશનભાઇ, શ્રી અનિલભાઇ-ઉજાણી વહીવટ, તથા દિલીપભાઇ માજી મંત્રીને પહોંચાડવાની રહેશે..

# મહિલા સમાચાર

### પંચોલી ભગીની સમાજ-મુંબઇ

શનિવાર તા. ૫.૫.૨૦૧૮ના દિને શ્રીમતિ જાગૃતિ રાકેશ મિસ્ત્રી-મીરારોડના નિવાસ સ્થાને બપોરે ત્રણ વાગે શ્રી પંચોલી ભગીની સમાજની મિટિંગ રાખવામાં આવી. પ્રથમ દરેક કારોબારી મહિલાઓનું ઠંડાપીણાંથી સ્વાગત કરવામાં આવ્યું.

ગાયત્રી મંત્રના ગાનથી મિટિંગની શરૂઆત કરવામાં આવી. તા. ૧૬.૫.૨૦૧૮થી અધિક પુરૂષોત્તમ માસ શરૂ થનાર હોય પાંચ મંદિર ના પ્રવાસ અંગે વિચારણા કરવામાં આવી. જેમાં વલસાડ સુધીમાં તેમજ તીથલ, વૈષ્ણોદેવી, વિશ્વંભરીમાતા મંદિર ના પ્રવાસ નકિક કરવામાં આવ્યો. અગામી વર્ષના કાર્યક્રમ અંગે ચર્ચા કરવામાં આવી.

સ્વાદિસ્ટ નાસ્તો પાઉવડા, ગુલાબજાંબુ, કચોરી, વેફરનો

નાસ્તો તેમજ ચ્હા-કોફીને ન્યાય આપ્યો. પ્રશ્નાવલી રાખવામાં આવી હતી જેમાં પ્રથમ કેતના મનિષ પંચોલી પ્રથમ આવ્યા. સુંદર ઇનામથી નવાજ્યા.

આગામી મિટિંગ ની તારીખ નક્કી કરી જાગૃતિબેન અને પરિવારજનોનો આભાર માની છુટા પડ્યા.

**પંચોલી મહિલા મંડળ-અંકલેશ્વર**

પંચોલી મહિલા મંડળની મિટિંગ તા. ૫.૫.૨૦૧૮ના રોજ જાગૃતિબેન સંજયભાઇ પંચોલીને ત્યા રાખવામાં આવી હતી. પ્રથમ સમૂહમાં પ્રાર્થના બાદ મંત્રીશ્રીએ ગત મિટિંગનો અહેવાલ વાંચી સંભળાવ્યો.

ગુજરાત સ્થાપના દિન ઉજવણી નિમિત્તે શ્રીમતિ દક્ષાબેન તથા સ્નેહાબેને ગુજરાત સ્થાપ્ના દિન વિષે વિશેષ માહિતી આપી. તથા જય જય ગરવી ગુજરાત ગીત ગાઇ ઉવજણી કરી.


આ માસમાં આવતી બર્થ-ડે અને એનીવર્સરી વિશ કરવામાં અને શુભેચ્છા ભેટ આપી. ત્યારબાદ વન મિનિટ ગેમ રમ્યા. જેમાં ૫૦ વર્ષ અંદરમાં પ્રથમ કલ્પનાબેન પંચોલી અને દ્વિતીય જાગૃતિબેન અને ૫૦ વર્ષ ઉપરનામાં દક્ષાબેન મિસ્ત્રી વિજેતા થયા. પ્રમુખશ્રીના વરદ હસ્તે વિજેતાઓને ઇનામ વિતરણ કરવામાં આવ્યું. અંતમાં ગુજરાતનું ગૌરવ ગરબો ગાઇ અલ્પાહારને ન્યાય આપી અગામી મિટિંગ તા. ૧૬.૬.૨૦૧૮ના રોજ જાગૃતિબેન ગોપાલભાઇ પંચોલીને ત્યાં રાખવાનું નક્કી કરી છુટા પડયા.

રૂા. ૫૧ ગાયત્રીબેન કૃણાલભાઇ પંચોલી તરફથી એનીવર્સરી નિમિત્તે.


રૂા. ૫૧ જાગૃતિબેન ગોપાલભાઇ પંચોલી તરફથી




## એકવાર જાવુ હરિના ધામમાં



વડોદરા નિવાસી ઇશ્વરભાઇ જગજીવનદાસ પંચોલી તા. ૨.૫.૨૦૧૮ના રોજ હરીના ધામમાં ગયા.



બરકાલ નિવાસી રમણલાલ કેશવલાલ પંચોલી તા. ૨૭.૦૪.૨૦૧૮ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. ૮૦

પ્રભુ સદ્‌ગતના આત્માને ચિરઃશાંતિ અર્પે એજ પ્રાર્થના...

## Congratulations..




Daughter's of Mitesh & Kaushal Pancholi Complited her Aarengetram on 13-05-2018

Mitesh M. Pancholi
45, Paraskung Soc.-2,
Satelight Road,
Jodhpur
A' bad

# ટીપે ટીપે સરોવર ભરાય

રૂા. ૨૦૧/- વડોદરા નિવાસી નાની શીલાબેન તથા નાના અશ્વિનભાઇ શાંતિલાલ પંચોલી તરફથી દોહિત્રી સ્વધાના આરંગેત્રમની સફળતા બદલ.

રૂા. ૨૦૧/- બરકાલ નિવાસી સ્વ. રમણલાલ કેશવલાલ પંચોલીના સ્મરણાર્થે હસ્તે પ્રવિણભાઇ અને કનુભાઇ તથા પરિવારજનો તરફથી

રૂા. ૨૫૦ અંકલેશ્વર નિવાસી દાદી મીરાબેન તથા દાદા ડૉ. મહેશભાઇ એમ. મિસ્ત્રી તરફથી પૌત્ર ધ્યાનની બીજી વર્ષગાંઠ નિમિત્તે.


રૂા. ૧૦૦ અંધેરી નિવાસી શ્રીમતિ ઉષાબેન પ્રમોદભાઇ મિસ્ત્રી તરફથી પંચોલી નવયુગને ભેટ











## હેપી બર્થડે....

ચિ. ધ્યાન વિસ્મયકુમાર
મિસ્ત્રી-અંકલેશ્વર
તા. ૨૨.૦૬.૨૦૧૬

ચિ. જૈનીશ ભૌમિકકુમાર
પંચોલી-રાજપીપલા
તા. ૧૮.૦૫.૨૦૧૭

પંચોલી નવયુગ શુભચિંતક | શ્રી અમૃતભાઇ વલ્લભભાઇ પંચોલી વ્યારા | શ્રી નલિનચંદ્ર ઠાકોરલાલ ગાંધી વ્યારા

**Book-Post**

**Printed Book**

Publisher and Printer **Dineshbhai Mistry** on behalf of **Shri Pancholi Seva Samaj Mahamandal**
**Printed** : **Akshar Printers,** 2/3, Ajit Estate, B/h. Old Dena Bank, Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-393 002. Dist Bharuch.
**Published** : 302, Subham Residency, Precom Compound, B/h. Rajkamal Arcade, GIDC. Ankleshwar-2
**Editior : Dineshbhai Mohanlal Mistry Mo. : 98241 71930, 98240 64282. Email : pancholinavyug@gmail.com**

નવયુગ શુભેચ્છક | સ્વ. દિનેશભાઇ જમનાદાસ મિસ્ત્રી નવસારી | શ્રી દિપકભાઇ મગનલાલ પંચોલી બિલીમોરા